## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બહેન લઈ જાવ ડીસ્કાઉન્ટ રેટમાં... આવતી દિવાળીએ કામ લાગશે... બગડશે નહી તેની ગેરંટી.... કેમકે આ પ્રોડક્ટમાં કોઈ ફુડગ્રેડ વસ્તુ વપરાઈ જ નથી....!!!

# શહેરની હોસ્પિટલમાં સપ્તાહમાં ડેન્ગ્યુના ૪૩ કેસ

## ગાંધીનગર જિલ્લામાં ચીકનગુનીયાએ દેખા દીધી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો શમવાનું નામ લેતો નથી ત્યારે બીજી તરફ શિયાળાની ૠતુના પ્રારંભે ચીકનગુનીયાના કેસ સામે આવતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. ડેન્ગયું, કમળો, ટાઈફોઈડ અને મેલેરીયાના દર્દીઓથી શહેરની હોસ્પિટલ ઉભરાઈ રહી છે. તે ઉપરાંત શરદી-ખાંસીના દર્દીઓ પણ મોટીમાત્રામાં સારવાર માટે આવે છે.

જયારે ગત્ સપ્તાહમાં જ ડેન્ગ્યુના ૪૩ કેસ સામે આવ્યા છે. આરોગ્ય તંત્ર રોગચાળાને નાથવા પ્રયત્નો કરી રહ્યું છે. તેવા સમયે જે નગરમાં ચીકનગુનીયાએ દેખા દેતા તંત્રએ સર્વેલન્સની કામગીરી આરંભી દીધી છે.

ગાંધીનગર શહેરમાં વસતા નગરજનોના આરોગ્યને અનુલક્ષીને માઠી દશા બેઠી હોય તેવું લાગી રહ્યું છે. આરોગ્ય તંત્રના સતત પ્રયત્નો છતા રોગચાળો બેકાબુ બન્યો છે. ચોમાસાથી લઈને અત્યાર સુધીની સિઝનમાં કમળાના તેમજ ડેન્ગ્યુના નોંધપાત્ર દર્દીઓ નોંધાયા છે. શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાના દર્દીઓથી હોસ્પિટલ ઉભરાઈ રહી છે. મોડીરાત સુધી ખાનગી દવાખાનામાં દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. શરદી-ખાંસીના દર્દીઓની સંખ્યા પણ વધુ વિશેષ જોવા મળી રહ્યા છે. ત્યારે ગત્ તા.૩૧ થી ઓકટોબરથી તા.૬ નવેમ્બર દરમિયાન હોસ્પિટલમાં ડેન્ગ્યુના-૪૩, કમળાના-૩૯, ટાઈફોઈડના-૫, મેલેરીયાના-૧૬ તેમજ ચીકનગુનિયાના ૪ કેસ પ્રકાશમાં આવતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. તેમજ જે વિસ્તારમાંથી દર્દીઓ નોંધાયા છે તે વિસ્તારમાં આરોગ્ય તંત્ર દ્વારા સર્વેલન્સની કામગીરી શરુ કરવામાં આવી છે.

તેમજ ચીકનગુનિયાના રોગને અનુલક્ષી તંત્રને પણ સજજ કરી દેવામાં આવ્યું છે. આરોગ્ય તંત્ર દ્વારા રોગચાળાને કાબુમાં કરવા સતત પ્રયત્નો થઈ રહ્યા છે પરંતુ રોગચાળો નાથવામાં તંત્ર જાણે ઉણુ ઉતર્યું હોય તેવું લાગી રહ્યું છે.



આજીવિકા કેન્દ્રનો પ્રારંભ : ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે કેન્દ્ર સરકારની યોજના અંતર્ગત આજીવિકા કેન્દ્રનો શુભારંભ કેન્દ્રીય મંત્રી શ્રી વૈંકયા નાયડુના વરદ હસ્તે કરાયો હતો.... આ પ્રસંગે મનપાના પદાધિકારીઓ અને કેન્દ્ર સરકારના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહાત્મા ગાંધીજીના પૌત્ર કનુભાઈ ગાંધીના નિધન પર દુ:ખ વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

મહાત્મા ગાંધીજીના પૌત્ર કનુભાઈ ગાંધીના દુ:ખદ નિધન પર ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ઉંડા શોકની લાગણી વ્યક્ત કરી છે. સ્વ. કનુભાઈ ગાંધી ગાંધીજીના સુપુત્ર રામદાસ ગાંધીના સુપુત્ર હતા. સ્વ. કનુભાઈ ગાંધી મહાત્મા ગાંધીજીના લાડકવાયા પૌત્ર ગણાતા હતા. ઈશ્વર દિવંગતના આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે અને શોક સંતપ્ત પરિવારજનો અને સનેહીજનોને આ અસહનીય દુ:ખ સહન કરવાની શક્તિ આપે તેવી રાજ્યપાલશ્રીએ પ્રાર્થના કરી છે.

## સ્વ. કનુભાઈ ગાંધીને અહમદ પટેલની અંજલિ

અમદાવાદ, તા. ૮

પૂ. મહાત્મા ગાંધીજીના પૌત્ર કનુભાઈ ગાંધીનું બિમારી બાદ થયેલ નિધન અંગે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના રાજકીય સચિવ અહમદ પટેલે જણાવ્યું હતું કે, કનુભાઈ ગાંધીએ વર્ષો સુધી વિજ્ઞાન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી હતી. જિંદગીના અંતિમ દિવસોમાં નાજૂક તબિયતથી તેઓને હોસ્પિટલમાં લાંબા સમયથી દાખલ કરવામાં આવ્યા હતા. તેમના નિધનથી ગાંધી વિચાર સાથે વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા વ્યક્તિ ગુમાવ્યા છે.

પૂ. મહાત્મા ગાંધીજીના પૌત્ર કનુભાઈ ગાંધીનું બિમારી બાદ થયેલ નિધન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.



આજે ગાંધીનગર ખાતે શહેરી વિકાસ વિભાગની કેન્દ્ર પુરસ્કૃત વિવિધ ફલેગશીપ યોજનાઓની કામગીરી અંગે મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ અને શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રીશ્રી વેંકૈયા નાયડુએ જણાવ્યું છે કે, પ્રજાલક્ષી વિવિધ કલ્યાણલક્ષી કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. જે રાજ્ય સરકારના હકારાત્મક અભિગમ અને પ્રજાકલ્યાણની ભાવનાને પરિણામે સંભવ બન્યું છે.

## ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી તરીકે મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારને વધારાનો ચાર્જ

### પાંચ વર્ષથી જગ્યા ચાર્જમાં ચાલી રહી છે, પાટનગરના જિલ્લામાં જ તા.વિ. અધિકારીની 3 જગ્યા ખાલી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાનો ચાર્જ જિલ્લાના સહકાર વિભાગના અધિકારી સુશ્રી નિલમ વ્યાસને સોંપવામાં આવ્યો છે.

ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીની જગ્યા છેલ્લા પાંચ વર્ષથી ચાર્જમાં જ ચાલી રહી છે. તાલુકા વિકાસ અધિકારી તરીકે ચાર્જમાં નિવૃત્ત થઈ ગયા પરંતુ રાજ્ય સરકાર તરફથી આ જગ્યા ભરવામાં આવતી નથી.

તાલુકા પંચાયતની વિવિધ યોજનાઓના અમલીકરણમાં નબળી કામગીરી ઈન્ચાર્જ ટીડીઓની જણાતાં આજે સવારે જ આ હુકમની બજવણી કરવામાં આવી છે. સુશ્રી વ્યાસે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

અગાઉ દહેગામમાં પણ મદદનીશ ખેતી અધિકારીને ચાર્જ સોંપવાનો હુકમ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવેલ છે. જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારી સંવર્ગની ત્રણ જગ્યાઓ હાલ ચાર્જમાં ચાલી રહી છે. જેમાં ગાંધીનગર, માણસા અને દહેગામનો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીઓની નિયમિત નિમણુંક કરવા અંગે વારંવારની રજુઆતો પછી પણ સરકારના પેટનું પાણી હાલતુ નથી. રાજ્યનો પાટનગર જિલ્લો હોવા છતાં આવી સ્થિતિ હોઈ રાજ્યના અન્ય જિલ્લાઓની સ્થિતિ અંગેની કલ્પના જ પુરતી છે.

## ચિલોડા ખાતે ઓબીસી એકતા મંચના કન્વીનર અલ્પેશ ઠાકોરના જન્મ દિવસની ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૮

ગાંધીનગર ખાતે ઓબીસી એસટી, એસસી એકતા મંચના અલ્પેશ ઠાકોરે વ્યસનમુક્તિ અને રોજગારી સંદર્ભે યોજાયેલ મહાસંમેલન બાદ દારૂબંદી કાયદાના કડક અમલ માટે આગામી સત્રમાં વિધેયક લાવવાની ખાતરી આપતા અપ્લેશજી ઠાકોરે જાહેરાત કરતાં જનમેદનીમાં વિજય માહોલ



છવાયો હતો. ત્યારબાદ તા. ૭મી નવેમ્બર અલ્પેશજી ઠાકોરનો જન્મદિવસની ઉજવણી નિમિત્તે ચિલોડા ગામના ચોકમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા મોડી સાંજે ફટાકડા ફોડી તેમજ મીણબત્તીથી દીવા પ્રગટાવી ક્ષત્રિય યુવાનોએ ભવ્ય રીતે જન્મદિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ગામના અગ્રણી રામાજી ઠાકોર, દિલિપજી ઠાકોર, ટીનાજી ઠાકોર, ધર્મેન્દ્રજી ઠાકોર, કરણજી ઠાકોર સહિત અન્ય ક્ષત્રિય યુવાનો જોડાયા હતા.

## સાદરા ગાંધીનગરની બસ અચાનક જ બંધ : વિદ્યાર્થીઓ અટવાયા

ગાંધીનગર તા ૮

સાદરા ગાંધીનગર રૂટની બસ અચાનક જ બંધ કરી દેવાતા સ્થાનિક વિદ્યાર્થીઓ તેમજ અન્ય અપડાઉનકર્તાઓને પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. વધુમાં દહેગામ ડેપોથી સાદરા રૂટમાં દોડતી બસ પણ બંધ થતા ચિલોડા દહેગામ રૂટના મુસાફરો પણ પરેશાન થઈ ગયા છે. ખાસ કરીને માધવગઢ અને જાખોરા સહીતના ગામોના વિદ્યાર્થીઓએ સાદરા ગાંધીનગર બસ ત્વરિત શરૂ કરવા પ્રબળ માંગ કરી છે.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં પણ હજુ કેટલાક ઠેકાણે નિયમિત બસ સેવાનો અભાવ વર્તાય છે. જેના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કર્તાઓને પણ તકલીફ વેઠવાનો વારો આવતો હોવાની ફરિયાદો સમયાંતરે ઉઠવા પામે છે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં એસ ટીની સલામત સવારી વિદ્યાર્થીઓ માટે હાલાકીનુ કારણ બની છે. ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીઓને સમયસર બસ મળતી ન હોવાની ફરિયાદો અવારનવાર ઉઠવા પામે છે. જેના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થતી હાવાનો સુર પણ ઉઠ્યો છે. સાદરા ગાંધીનગર રૂટની બસ બંધ થતા આ વિસ્તારમાંથી રોજબરોજ અપડાઉન કરતા વિદ્યાથીઓની હાલત પણ કાંઈક આવી જ છે. સાદરા ગાંધીનગર રૂટની બસમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અપડાઉન કરતા હતા. પરંતુ ડેપો દ્વારા અચાનક જ આ બસ બંધ કરી દેવાતા સ્થાનિક ગ્રામજનો તેમજ વિદ્યાર્થીઓની વાહનસુવિધા છિનવાઈ ગઈ છે. સાદરા ગામમાં એક બસ સવારે ૬:૩૦ કલાકે આવે છે. જયારે જયારે દહેગામ ડેપોની સાદરાની બસ રાત્રિના ૮ : ૩૦ કલાકની હતી જે બંધ કરી દેવાઈ છે. જેના લીધે ચિલોડો દહેગામ વચ્ચેના મુસાફરો પણ અટવાઈ પડયા છે.

જયારે સાદરા ગાંધીનગર બસ બંધ થતા આસપાસના ગામડાઓના વિદ્યાર્થીઓ માટે ગાંધીનગર આવવાનુ મુશ્કેલ બન્યુ છે. સમયસર શાળા કોલેજ જતા વિદ્યાર્થીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. એસ ટી ની સલામત સવારી આમ નાગરિકો માટે આર્શીવાદ રૂપ બને અનૌ વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે ત્વરિત અસરથી આ બસ શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## દિવાળી પર્વમાં કાજુની મીઠાઈ ઓન ડિમાન્ડ રહી

### મંદી અને મોંઘવારી છતા શહેરમાં કરોડોની મીઠાઈનું વેચાણ થયું

ગાંધીનગર, તા.૮

દિવાળી દરમ્યાન બજારમાં મંદી પ્રર્વતી હોવાનો શૂર ઉઠવા પામ્યો હતો. અસહ્ય મોંઘવારીની અસરથી બજારમાં જોઈએ તેવી ઘરાકી ન હોવાનો આક્રોશ વેપારીઓ બયાન કરી રહ્યા હતા. પરંતુ મંદી અને મોંઘવારીની બુમ વચ્ચે પણ ગાંધીનગરાઓએ મીઠાઈ આરોગવામાં કોઈ પાછી પાની કરી નથી. એક અંદાજ મુજબ દિવાળીના પર્વ દરમ્યાન શહેરમાં આવેલ મીઠાઈની દુકાનોમાંથી ચાર કરોડની મીઠાઈનું વેચાણ થવા પામ્યું છે. જેમાં ડ્રાયફ્રુટ તેમજ કાજુની બનાવટની મીઠાઈ હોટ ડિમાન્ડમાં હતી. નાના અને મધ્યમ વર્ગના પરિવારજનો પણ દિવાળી દરમ્યાન કુછ મીઠા હો જાયે ના અભિગમ સાથે.... અવનવી સ્વીટસ ખરીદવાનો આગ્રહ રાખતા હોય છે જયારે મીઠાઈના ગીફટ પેકનું વિતરણનો ટ્રેન્ડ પણ ફુલ્યો ફાલ્યો છે. આવા સંજોગોમાં સ્વભાવીક રીતે જ મીઠાઈ બજાર ગરમ રહ્યું હોવાનું સ્પષ્ટ થયું છે.

સમગ્ર રાજયમાં મોંઘવારીએ માજા મુકી છે. તમામ ચીજવસ્તુના ભાવ આસમાને આંબ્યા છે. રાજયમાં મોંઘવારીને પગલે મધ્યમવર્ગ પીસાઈ તેમજ ભીંસાઈ રહ્યો છે. હાય રે મોંઘવારી અને મંદીના માર વચ્ચે પણ ગાંધીનગરાઓએ દિવાળી પર્વની ધામધુમપૂર્વક ઉજવણી કરી છે. શહેરમાં તહેવારની સિઝન આવે એટલે કુછ મીઠા હો જાયે ના અભિગમ સાથે વિવિધ સ્વીટ્સની ખરીદી માટે નાગરીકોની માર્કેટમાં ભીડ જામે છે. ત્યારે દિવાળીના તહેવારના દિવસોમાં શહેરમાં આવેલ મીઠાઈની દુકાનોમાંથી અંદાજીત ચાર કરોડની મીઠાઈનું વેચાણ થવા પામ્યું છે.જેમાં ડ્રાયફ્રુ અને કાજુની મીઠાઈ નગરજનો વિશેષ ખરીદી કરતા હતા. જયારે નગરજનોએ માવાની મીઠાઈની ખરીદીમાં ઉદાસીનતા દાખવતા ૧૦ ટકા જેટલું વેચાણ ઓછું થવા પામ્યું છે.

## ફુલશંકર શાસ્ત્રીજીના "નિત્યાષોડશિકાર્ણવ" ગ્રંથનું વિમોચન





ગાંધીનગર, તા. ૮

ગુજરાતના રાજ્યપાલ ઓ.પી. કોહલીએ ગઈકાલે રાજભવન ખાતે આચાર્ય શ્રી ફુલશંકર શાસ્ત્રીજી દ્વારા અનુવાદ કરાયેલ "નિત્યાષોડશિકાર્ણવ" ગ્રંથનું વિમોચન કર્યું હતું.

વેદવ્યાસ સંસ્કૃતિ સંવર્ધન ટ્રસ્ટ, ગાંધીનગરના ઉપક્રમે યોજાયેલ ગ્રંથ વિમોચન સમારોહમાં પ્રવચન કરતા રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે આચાર્ય શ્રી ફુલશુંકર શાસ્ત્રી દ્વારા અનુવાદિત "નિત્યાષોડશિકાર્ણવ'. ગ્રંથ મુલ્યવાન ગ્રંથ છે. ૪૦૦ શ્લોકોથી સંપન્ન ભગવાન શિવ દ્વારા માતા પાર્વતીજીને જે વિષયવસ્તુ સંભળાવવામાં આવી હતી તેના પર આ ગ્રંથ રચાયેલ છે. આ ગ્રંથનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવામાં આવતા પ્રાચ્ય વેદ્યાને આરાધકો-ભક્તજનો જાણી તથા સમજી શકશે. તેમણે જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષામાં ધાર્મિક-આધ્યાત્મિક સાહિત્ય પ્રચુર માત્રામાં રચવામાં આવ્યું છે. આ સાહિત્યને આમજનનની બોલચાલની સરળ ભાષામાં અનુવાદ કરવું જોઈએ. જેથી આ અદ્ભૂત સાહિત્ય આમજનની પહોંચ સુધી પ્રસારિત થઈ શકે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આ ગ્રંથ રચીને આચાર્ય શાસ્ત્રીજીએ સમાજની બહુ મોટી સેવા કરી છે. સંસ્કૃતિ અદ્ભૂત જ્ઞાનની ગંગા છે. અનુવાદરૂપે શાસ્ત્રીજીએ આ જ્ઞાન ગંગાની ધારાને ગ્રંથમાં અવતારી છે જે આપણા સૌના માટે ગૌરવની વાત છે.

ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે પવિત્ર શ્રી વિદ્યાના ગ્રંથની પૂજ્ય શ્રી ફુલશંકર શાસ્ત્રીજીએ આપણને અમૂલ્ય ભેટ આપી છે. જેના માટે આપણે સૌ હંમેશા ઋણી રહીશુ. તેમણે કહ્યું હતુ કે પંદેવ મંદિરના સંસ્થાપક તરીકે તેમણે ગાંધીનગરમાં સંસ્કાર સિંચનું મહત્વપૂર્ણ દાયિત્વ અદા કર્યું છે. આ ગ્રંથ આપણને અને ભવિષ્યને પેઢીને માર્ગદર્શક બની રહેશે, તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

ગાંધીનગર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું હતું કે આચાર્ય ફુલશંકર શાસ્ત્રીજીએ પંચદેવ મંદિરના નિર્માણ થકી તેને આધ્યાત્મિક શ્રદ્ધાનું કેન્દ્ર બનાવ્યું છે. શ્રી શાસ્ત્રીજીના ગ્રંથ નિર્માણના કાર્યને સમાજ ક્યારે વિસરી શકશે નહી, તેમ તેમણે જણાવ્યું હતું.

શ્રી વેદવ્યાસ સંસ્કૃતિ સંવર્ધન સંસ્થાન ટ્રસ્ટના સંસ્થાપક આચાર્ય શ્રી ફુલશુંકર શાસ્ત્રીજીએ "નિત્યાષોડશિકાર્મવ" ગ્રંથ નિર્માણની રસપ્રદ વાત કરી આ પાવનકારી કાર્યમાં દાતાઓ અને અન્ય સહયોગીઓનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે શ્રીમતી ઉર્વશીબેન "નીત્યાશ્રીજી" અધ્યક્ષા, શ્રી રાજેશ્વરી પીઠ અને શ્રીમતી પ્રતિમાબેન ફુલશંકર સાસ્ત્રીએ વક્તવ્ય આપ્યાં હતા.

શ્રી સુરેશભાઈ શાસ્ત્રીએ તેમના સ્વાગત પ્રવચનમાં ગ્રંથની વિશિષ્ઠ લાક્ષણિકતાઓ રજૂ કરી હતી અને શ્રી નીલકંઠ શાસ્ત્રીએ આભારદર્શન કર્યુ હતુ.

સમારંભનું સંચાલન સુશ્રી ચેતના બુચે કર્યુ હતુ. આ સમારોહમાં ગાંધીનગર શહેરના અગ્રણી નાગરિકો અને વિદ્વતજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાજપની ખેડૂત વિરોધી નીતિની શંકરસિંહ વાઘેલાની આકરી ઝાટકણી

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે મીડીયા તથા પત્રકાર મિત્રોને નવા વર્ષમાં સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાતમાં નૂતન વર્ષની ઉજવણી ૧૫ દિવસ સુધી ચાલે છે. હું સહુ ગુજરાતી ભાઈ-બહેનોને નૂતન વર્ષાભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ પાઠવુ છું.

પઠાણકોટના એરબેઝ ઉપર થયેલ આતંકી હૂમલાનું સત્ય અને પક્ષોએ અને મીડીયાએ દેશની જનતા સમક્ષ મુક્યું, જે સહન ન થતાં એનડીટીવીના સિનિયર એન્કરને ધ્યાનમાં રાખીને, એનડીટીવી કે જેણે ૨૦૦૨માં ગોધરાકાંડ બાદના તોફાનોમાં ગુજરાત સરકારને તેણે ભજવેલ ભાગ અંગે ખુલ્લી પાડેલી, તેનો બદલો લેવા માટે દાઝ રાખીને 'તેમણે આપેલ માહિતી દેશવિરોધી હતી' જેવું જુઠ્ઠાણુ ચલાવીને સમગ્ર ચેનલ પર એક દિવસનો પ્રતિબંધ મુકવાની ભાજપ સરકારને કુબુદ્ધિ સુઝેલી, ત્યારે દેશના અનેક બુદ્ધિજીવીઓ અને અન્ય દબાણોને વશ થઈને ભાજપ સરકારને આ પ્રતિબંધ મોકુફ રાખવાની ફરજ પડી છે. ભાજપ સરકાર 'ઝેરનાંપારખાં' ન કરે અને પ્રજાના સ્નવભાવને સમજીને ચાલે.

ભાજપ સરકારની ખેડૂતવિરોધી નીતિની આકરી ઝાટકણી કાઢતાં શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ખેડૂતો જાણે ભાજપ સરકારના દુશ્મન જ હોય તેવો વ્યવહાર છેલ્લાં ૧૫ વર્ષથી સરકાર તેમની સાથે કરી રહી છે. ગુજરાતના ખેડૂતો ખૂબ મહેનતુ છે. સારા વરસાદના લીધે સારો પાક પાકે તે ખેડૂતોની મહેનત, મોંઘુ બિયારણ, દવાઓને લીધે હોય છે, આ બધું કરીને પણ જો ખેડૂતને તેની મહેનતનું વળતર ન મળે અને ખર્ચ જેટલી પણ આવક ન થાય ત્યારે ખેડૂતોને આપઘાતનો રસ્તો અપનાવવો પડતો હોય છે. ભાજપ સરકારના પાપે ખેડૂતોના આપઘાતના બનાવો આજે ગુજરાતમાં બની રહ્યા છે. ચૂટણી સમયે 'જય જવાન, જય કિસાન' અને સત્તા પર બેઠા બાદ 'મરે જવાન, મરે કિસાન' એવી ભાજપની નીતિ રહી છે.

**નામ બદલેલ છે**

મારું નામ કંચન મુકેશ હતું તે બદલીને કિરણ મુકેશ અંબવાની રાખેલ છે.

લી.
કિરણ મુકેશ અંબવાની
પ્લોટ નં. ૨૨૯/૧, સેક્ટર-3/ન્યુ,
ગાંધીનગર- પીન ૩૮૨૦૦૬

**ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ**
(ગુજરાત સરકારનું સાહસ)
રજી. ઓફિસ : સેક્ટર-૧૦/એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર
Corporate indentity Number (CIN) U65910GJ1980SGC003957
Email :- md-gscsc@gujarat.gov.in • Website: www.gscscl.gujarat.gov.in
ફોન : ૨૩૨-૨૧૦૩૭/૩૮ ● ફેક્સ : ૨૩૨-૨૨૭૦૭)

**કોલીસ વેચાણની ટચુકડી જાહેર ખબર**

નિગમની વડી કચેરી ખાતેની કોલીસ નિયમ મુજબ વેટથી ટેન્ડરથી વેચાણ કરવાની છે. રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) (નોન રીફંડેબલ) ઉપર જણાવેલ સરનામા વાળી કચેરી ખાતેથી તા. ૨૩/૧૧/૨૦૧૬ સુધી બપોરના ૧૬.૦૦ કલાક સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાયના દિવસે) જમા કરાવીને ટેન્ડર ફોર્મ તથા ટેન્ડરની શરતો મેળવી શકાશે. તા. ૨૪/૧૧/૨૦૧૬ના રોજ ૧૩.૦૦ કલાક સુધીમાં ઉપર જણાવેલ કચેરીએ ટેન્ડર ફોર્મ જમા કરાવવાના રહેશે.

મેનેજર (વહીવટ)